ગાંધીનગર ભાસ્કર

સોમવાર


# ગાંધીનગરમાં વનવિભાગે 25 હજાર રોપાનું વિતરણ કર્યુ



ગાંધીનગર વન વિભાગ દ્વારા દર વર્ષે જુલાઇની બીજા શનિ-રવીવાર દરમિયાન શહેરમાં વૃક્ષયાત્રા યોજીને શહેરમાં વિનામૂલ્યે રોપાઓનું વિતરણ કર્યું હતું.

## બે દિવસમાં ગાંધીનગરનાં તમામ સેક્ટરોમાં રોપાની ઉટલારીઓ ફરી વળી

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

ગાંધીનગર વન વિભાગ દ્વારા દર વર્ષે જુલાઇનાં બીજા શનિ-રવીવાર દરમિયાન શહેરમાં વૃક્ષયાત્રા યોજી ઉટલારીઓ દ્વારા વિવિધ વૃક્ષોનાં રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. જે અંતર્ગત તા 13મી તથા 14મીનાં રોજ વૃક્ષ વિતરણની કામગીરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. શનિવારે વૃક્ષયાત્રાનાં પ્રથમ દિવસે 15 ઉટલારીઓ મારફતે 25 હજાર જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

ગાંધીનગર શહેરમાં ચોમાસાના દિવસોમાં વન વિભાગ દ્વારા મોટી સંખ્યામાં વૃક્ષોનું વિતરણ કરવામાં આવે છે. જેના પગલે વન વિભાગ દ્વારા જીલ્લાની 19 જેટલી નર્સરીઓમાં 67 લાખ જેટલા રોપા તૈયાર કરવામાં આવ્યા છે. શહેરનાં સેક્ટરો તથા આસપાસનાં વિસ્તારોમાં લોકો સુધી રોપા પહોંચાડવા તા 13મી તથા 14મી જુલાઇનાં રોજ વન વિભાગ દ્વારા શહેરમાં વૃક્ષયાત્રા યોજવામાં આવી હતી. જે અંતર્ગત શનિવારે તા 13મીનાં રોજ 15 ઉટલારીમાં તુલસી, જામફળ, બોરસલી સહિત વિવિધ વૃક્ષોનાં રોપા ભરી સેક્ટર 1થી 15માં રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રથમ દિવસે 25 હજાર જેટલા રોપા દિવસ દરમિયાન શહેરમાં સેક્ટરો તથા વાવોલ વિસ્તારમાં વહેંચાયા હતા. જ્યારે રવિવારે સેક્ટર 16થી 30 તેમજ જીઇબી કોલોની વિસ્તારમાં ઉટલારીઓ દ્વારા રોપાઓનું વિતરણ કરવામાં આવશે. આ કામગીરીમાં સેવા આપવા માંગતા વોલેન્ટયરી યુવાનો પણ જોડાઇ શકેશે.

વૃક્ષયાત્રાની આ બે દિવસીય કામગીરીમાં હાલ વન વિભાગનો સમગ્ર સ્ટાફ નર્સરીઓમાંથી ઉટલારીમાં રોપા ભરવામાં તથા વિતરણની કામગીરીમાં કામે લાગી ગયો છે.

આ બે દિવસીય રથયાત્રા દરમિયાન આશરે 40 હજારથી પણ વધુ રોપા વહેંચાવાની આશા વન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.